# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-02-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## CM-વડોદરા મેરેથોન:

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે વડોદરાના નવલખી મેદાન ખાતેથી વડોદરા આંતરરાષ્ટ્રીય મેરેથોનની ૧૨મી આવૃત્તિનો પ્રારંભ કરાવ્યો અને મેરેથોનમાં જોડાયેલા ૧.૨૦ લાખ નાગરિકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો. દિવ્યાંગો, વરિષ્ઠ નાગરિકો પણ આ મેરેથોનમાં જોડાયા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું કે, આ વખતે ખેલ મહાકુંભમાં ૭૧ લાખ જેટલા રમતવીરોએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા નોંધણી કરાવી છે. અને આ રાજ્યના લોકોનો રમત પ્રત્યેનો ઉમંગ-ઉત્સાહ દર્શાવે છે.**

**------------------------------------------------------------------------------------------**

## વિશ્વ જળ પ્લાવિત દિવસ :

**ગુજરાત સહિત સમગ્ર વિશ્વમાં આજે 'વિશ્વ જળ પ્લાવિત દિવસ' ઉજવાઈ રહ્યો છે. આ વર્ષે 'વિશ્વ જળ પ્લાવિત દિવસ'ની વિષયવસ્તુ "આપણા સહિયારા ભવિષ્ય માટે જળ પ્લાવિત વિસ્તારોનું રક્ષણ" નક્કી કરવામાં આવ્યું છે.**

**ગુજરાત વિવિધ વેટલેન્ડ્સ સ્વરૂપે અમૂલ્ય કુદરતી વારસો ધરાવે છે, જે રાજ્યના પર્યાવરણીય સ્વાસ્થ્ય, જૈવવિવિધતા અને અર્થતંત્રમાં નોંધપાત્ર યોગદાન આપે છે.**

**ભારતમાં કુલ ૧૧૫ રાષ્ટ્રીય મહત્વની વેટલેન્ડ્સ જાહેર કરવામાં આવી છે. જેમાંથી નળ સરોવર, થોળ તળાવ, કચ્છનું નાનું રણ, કચ્છનું મોટું રણ, નાની કકરાડ, વઢવાણા, ખીજડિયા અને પરીએજ સહિત કુલ ૮ રાષ્ટ્રીય મહત્વની વેટલેન્ડ ગુજરાતમાં આવેલી છે.**

**------------------------------------------------------------------------------------------**

## રાષ્ટ્રિય સ્વાસ્થ્ય-રાજ્ય કક્ષાનો એવોર્ડ:

ગાંધીનગર ખાતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આયોજિત રાજ્યકક્ષાની પ્રથમ સ્વાસ્થ્ય પરિષદમાં કચ્છના રાપર તાલુકાના ફતેહગઢ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ફતેહગઢ આયુષ્માન આરોગ્ય મંદિર-રમાં ફરજ બજાવતા એન.એન.એમ લેઉવા પાયલબેન અને અંજાર તાલુકાના મેઘપર બોરીચી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં છેલ્લા આઠ વર્ષથી આશા તરીકે સેવાઓ આપતા શાંતાબેન ચારણનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ બંને મહિલા આરોગ્ય કર્મીઓની વિશિષ્ટ કામગીરીની નોંધ લઈને આરોગ્ય ક્ષેત્રે બજાવેલ ફરજ ઉપરાંત ઉત્તમ કામગીરી કરવા બદલ ગાંધીનગર ખાતે રાષ્ટ્રિય સ્વાસ્થ્ય મિશનના મિશન ડિરેક્ટર રેમ્યા મોહનના વરદ હસ્તે રાજ્યકક્ષાનો એવોર્ડ એનાયત કરીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------

## બેટી બચાવો,બેટી પઢાઓ-અંજાર-માથક કેમ્પ:

**બેટી બચાઓ બેટી પઢાઓ યોજનાના ૧૦વર્ષ પૂર્ણ થયાની ઉજવણી રાજ્ય તથા વિવિધ જીલ્લાઓ ખાતે કરવામાં આવી રહી છે. જે અંતર્ગત ડીસ્ટ્રીક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન (DHEW)ની ટીમ દ્વારા અંજાર તાલુકાના માથક ગામે "શેરી રમતોત્સવ" અંતર્ગત શેરી રમત અને કિશોરીઓ માટે "મેડીકલ ચેકઅપ" કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવ કાર્યક્રમમાં ગામના સરપંચ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ફિમેલ હેલ્થ વર્કર સહિત પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૧ થી ૫ અને ૬ થી ૮ના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ સાથે જ ગામમાં નવતર જન્મેલ બે દીકરીઓને "દીકરી વધામણાં" કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.**

---------------------------------------------------------------------------------------

## લખપત-ક્રિકવિસ્તાર-બોટ ઘટના

**કચ્છના લખપત તાલુકાના મુધાન ક્રિક વિસ્તારમાં વોટર લેવલ સર્વેની કામગીરી કરવા માટે ખાનગી કંપનીના 3 કર્મચારીઓની બોટ પલટી ગઈ હતી. આ ત્રણ કર્મચારીઓ મોડી**

**રાત્રે સંપર્ક વિહોણા બનતા બીએસએફ, પોલીસ અને અન્ય એજન્સીઓ દ્વારા તાત્કાલિક શોધખોળ શરૂ કરવામાં આવી હતી, જે દરમ્યાન લાપતા કર્મચારીઓ 16 કલાક બાદ આંતરરાષ્ટ્રીય બોર્ડર પીલર નંબર 1170 પાસે હેમખેમ મળ્યા હતા. ખાનગી કંપનીના અધિકારીઓ અને સુરક્ષા એજન્સીઓએ રાહતનો શ્વાસ લીધો.**

---

## વસંત પચમી ઉજવણી:

વસંત ઋતુનાં વધામણા રૂપ વસંત પંચમીના પર્વની શ્રધ્ધા અને ભક્તિ ભાવ પૂર્વક ઉજવણી થઈ રહી છે. આજનું પર્વ જ્ઞાન પંચમી તરીકે ઉજવાય છે જેમાં સરસ્વતી પૂજનનો અનેરો મહિમા છે. સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા આજે શિક્ષા પત્રી જયંતિ તરીકે આ પર્વ ઉજવાય છે તો ગાયત્રી પરિવાર દ્વારા આચાર્ય રામ શર્માજીના આધ્યાત્મિક જન્મ દિન તરીકે તેની ઉજવણી થાય છે આજે આ પર્વ નિમિતે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તો જિલ્લામાં આજે વિવિધ સમાજ દ્વારા સમૂહલગ્નોનું આયોજન કરાયું છે. આજનો દિવસ નવા કાર્યો માટે શુભ ગણાતો હોવાથી અનેક લોકો શુભ કાર્યોનો પ્રારંભ કરશે.

---

## ક્રિકેટ:

ભારતે સતત બીજી વખત મહિલા U-19 ટી-20 વર્લ્ડ કપ જીત્યો છે. ભારતીય ટીમે ફાઈનલ મેચમાં સાઉથ આફ્રિકાને 9 વિકેટથી હરાવ્યું. આજે કુઆલાલંપુરમાં, સાઉથ આફ્રિકાએ ટૉસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો અને 20 ઓવરમાં 82 રનમાં ઓલઆઉટ થઈ ગયું. જવાબમાં, ભારતીય ટીમે 11.2 ઓવરમાં 1 વિકેટે 83 રન કરી મેચ જીતી લીધી હતી.

---